# વૈશ્વિક શાંતિ અને ટકાઉ વિકાસ સંદર્ભમાં ઉચ્ચ શિક્ષણ

ડૉ. હેતલબેન જે. ઉપાધ્યાય
આસી. પ્રોફેસર,
સ્વ. એમ. સી. પરમાર બી.એડ્. કોલેજ, ખાટંબા, વડોદરા

## સારાંશ

'શાંતિ-સંસ્કૃતિ'ના ખ્યાલની અભિવ્યક્તિ ૧૯૮૦ના પાછલા દાયકામાં થઇ. શાંતિનો માર્ગ અપનાવવો એટલે કે જીવન જીવવાની એક એવી રીત કે જ્યાં પોતાનાથી ઉપર ઊઠી સમાજમાં એવી રીતે જીવે અને રહે છે કે જે અન્ય માટે વિકસિત અને સર્વશ્રેષ્ઠ હોય. ૧૯૪૫માં જ્યારે યુનેસ્કોની રચના થઇ ત્યારથી જ તેનું લક્ષ્ય વૈશ્વિક સ્તર પર શાંતિ, ગરીબી નિવારણ, નિરંતર ટકાઉ વિકાસ અને આંતરસાંસ્કૃત્તિક સુસંવાદિતા સ્થાપવાનું રહ્યું છે. આમ, કરવા માટેની અનેક પ્રવૃત્તિ પૈકી શિક્ષણ એ એક મુખ્ય પ્રવૃત્તિ રહી છે.

શાંતિ એ વ્યક્તિનો મનોવ્યાપાર છે. શાંતિની સાથે-સાથે વ્યક્તિ-સમાજ-વિશ્વનો ટકાઉ વિકાસ સાધવા અને વિશ્વવિશ્વકુટુંબકમ્‌ની ભાવનાને ચરિતાર્થ કરાવા શિક્ષણ જ એક ઉત્તમ માર્ગ છે. તે બાબતે સર્વસંમતિ પણ સધાઇછે. યુનેસ્કો માનવના સામાજિક અને આર્થિક વિકાસમાં મૂળભૂત ભૂમિકા ભજવે તેવા સર્વગ્રાહી અને માનવતાવાદી શિક્ષણ માટે તે હંમેશાં પ્રતિબદ્ધ રહ્યું છે. યુવાન એ આવતીકાલના સૂર્યોદયનું પહેલું કિરણ છે. સામાજિક જવાબદારી, વૈશ્વિક જાગૃતિ અને નાગરિક સગાઇના રંગે રંગી વૈશ્વિક શાંતિ, ભાઇચારો અને ટકાઉ વિકાસના ચિત્રાને વાસ્તવિક આકાર આપી શકાય તેમ છે.

## ૧. પ્રસ્તાવના

'શાંતિ-સંસ્કૃતિ'ના ખ્યાલની અભિવ્યક્તિ ૧૯૮૦ના પાછલા દાયકામાં થઇ. શાંતિનો માર્ગ અપનાવવો એટલે કે જીવન જીવવાની એક એવી રીત કે જ્યાં પોતાનાથી ઉપર ઊઠી સમાજમાં એવી રીતે જીવે અને રહે છે કે જે અન્ય માટે વિકસિત અને સર્વશ્રેષ્ઠ હોય. ૧૯૪૫માં જ્યારે યુનેસ્કોની રચના થઇ ત્યારથી જ તેનું લક્ષ્ય વૈશ્વિક સ્તર પર શાંતિ, ગરીબી નિવારણ, નિરંતર ટકાઉ વિકાસ અને આંતરસાંસ્કૃત્તિક સુસંવાદિતા સ્થાપવાનું રહ્યું છે. આમ, કરવા માટેની અનેક પ્રવૃત્તિ પૈકી શિક્ષણ એ એક મુખ્ય પ્રવૃત્તિ રહી છે. શિક્ષણ એ દરેકનો જન્મસિદ્ધ અધિકાર છે. તે બાબતે સર્વસંમતિ પણ સધાઇ. માનવના સામાજિક અને આર્થિક વિકાસમાં મૂળભૂત ભૂમિકા ભજવે તેવા સર્વગ્રાહી અને માનવતાવાદી શિક્ષણ માટે તે હંમેશાં પ્રતિબદ્ધ રહ્યું છે વૈશ્વિક શાંતિ અને ટકાઉ વિકાસ સંદર્ભમાં ઉચ્ચ શિક્ષણની ચર્ચા કરીએ તે પહેલાં આ વિષયને અસર કરતાં એવાં સંઘટકો જેમ કે- શાંતિ, વૈશ્વિક શાંતિ, ટકાઉ વિકાસ અને ઉચ્ચ શિક્ષણ તથા ઉચ્ચ શિક્ષણાર્થીની વિભાવના સ્પષ્ટ કરી લેવી જોઇએ.

- **શાંતિની વિભાવના**

શાંતિ એ વ્યક્તિનો મનોવ્યાપાર છે, શાંતિ શબ્દનો ઉપયોગ સુખાકારીની સંતુષ્ટિ કે પ્રતિકૂળ આક્રમણમાંથી મુક્તિ મેળવવાના સંદર્ભમાં થાય છે. મનોશારિરીક શાંતિને પરિણામે વ્યક્તિનો બૌધિક, માનસિક, સામાજિક, સાંવેગિક, ધાર્મિક વિકાસ સંભવિત થયો છે. શાંતિપૂર્ણ વ્યવહારને લઇ લોકોમાં વર્તણૂંકિય શાંતિ પ્રતીત થાય છે અને લોકોમાં અન્ય પ્રત્યે સદ્‌ગુણો અને ઉદારતા પ્રગટે છે. તેવી રીતે સામાજિક, રાજકીય કે રાષ્ટ્રીય શાંતિને પરિણામે લાકોનો આર્થિક વિકાસ સાધ્ય બન્યો છે.

- **વૈશ્વિક શાંતિ**

વૈશ્વિક શાંતિ અર્થાત્ સામાજિક અર્થમાં સંઘર્ષ (જેમ કે યુદ્ધ ) અને રાષ્ટ્રના સંદર્ભમાં વ્યક્તિ વ્યક્તિઓ વચ્ચે કોઇ ખાસ કારણસર હિંસા કે ભયની સ્થિતિ કે જેમાં સ્વતંત્રાના અભાવની મનોદશાનું પ્રત્યક્ષીકરણ કે પ્રસ્તુતીકરણ હોય પણ ખરું કે ન પણ હોય. તેનાથી વિપરિત સ્થિતિ એટલે વૈશ્વિક શાંતિ વૈશ્વિક ઇતિહાસ તપાસતાં માલુમ પડયું છે કે કેટલાક અસાધારણ અને ઉદારમતવાદી નેતાઓએ આ પ્રકારની વર્તણૂંક અને સંયમ સ્થાપવા માટે શાંતિ વાતાઘાટોનો ઉપયોગ કર્યો છે. પરિણામે વૈશ્વિક સંધિ સાથે યુદ્ધની અવગણના સંભવિત બની છે.

- **ઉચ્ચ શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણાર્થી સંદર્ભે કેટલાક ગૃહિતો**

સામાન્ય રીતે ઉચ્ચ શિક્ષણ એટલે આપણી શૈક્ષણિક તરાહો પૈકીની ૧૦+૨ પછીની શૈક્ષણિક તરાહ. આ એક એવી તરાહ છે જ્યાં શિક્ષણની કોઇ એક સામાન્ય કે વિશિષ્ટ વિદ્યાશાખાનું વિશિષ્ટ અને ઊંડાણપૂર્વકનું શિક્ષણ કે જેના થકી વ્યક્તિ તેમાં પારંગતતા પ્રાપ્ત કરે.

આ તરાહમાં અભ્યાસ કરતો અભ્યાસુ સામાન્ય રીતે ૨૦થી ૪૦ વર્ષની ઉંમરનો હોય. જેને મનોવિજ્ઞાનીઓ યુવાન કહે છે. આ અવસ્થામાં -

- વ્યક્તિનો શારીરિક વિકાસ લગભગ થઇ ગયેલો હોય છે.
- તેનામાં શારીરિક અને માનસિક પરિપક્વતાનાં વલણો જોવા મળે છે.
- તે પોતાની વ્યાવસાયિક હરીફાઇમાં સ્થિરતા પ્રાપ્ત કરવા ઉત્સુક હોય છે.
- તેનામાં સામાજિક ગુણો વિકાસ પામોલા હોય છે અને તે સામાજિક અનુકૂલન સાધવા માટે પ્રયત્નશીલ હોય છે.
- આ સમયગાળામાં તેનામાં જીવનના ચોક્કસ આદર્શો અને મૂલ્યો પ્રતિષ્ઠિત બને છે.
- તેનામાં સાહસિકતા જન્મે છે. સાહસભર્યા કાર્યો કરવા તે તત્પર બને છે.

તેથીજ એમ કહેવાયું છે કે ‘ઘટમાં ઘોડા થનગને ને યૌવન વીંઝે પાંખ’ આ ઉક્તિને અનુસાર યુવાવસ્થામાં કાર્યશક્તિનો ખૂબ સારો વિકાસ થયો હોય છે.

ઉપર્યુક્ત સંદર્ભે 'Education for Sustainable Development (ESD)' એ વૈશ્વિક જવાબદાર નાગરિક બનવા માટે પ્રેરણા પુરી પાડવાની સાથે એક પર્યાવરણ, અર્થતંત્ર અને સમાજ સાથેના આંતરિક સંબધોને સાંકળીને એક માર્ગદર્શિકા પુરી પાડી છે. જટીલ વિશ્વને સમજવા માટે લોકશાહીના મૂલ્યો અને દૃષ્ટિકોણને સુનિશ્ચિત કરી, વૈશ્વિક શાંતિ સંસ્કૃતિની સ્થાપના સામેના પડકારોના ઉકેલ માટે આંતરશિસ્તીય સમજણ, નિર્ણાયક વિચારશક્તિ અને કાર્ય કૂશળતાના વિકાસ માટેના શિક્ષણની હિમાયત કરી છે. જેમાં-

## • વૈશ્વિક નાગરિકતા માટેનું શિક્ષણ

જેમ જેમ વિશ્વ સંકલિત બની એકસૂત્રતામાં વૈશ્વિકીકરણ તરફ આગળ વધી રહ્યું છે ત્યારે ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ માટે ટકાઉપણાનો વિચાર ખૂબ મહત્વનો સાબિત થાય છે. "A university education which does not provide effective tools and forums for students to think through their responsibilities and rights as one of the several billions on planet Earth, and along the way develop their moral compass, would be a failure" (Altinay: 2010). જો આમ હોય તો ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓએ સમાજની સેવા માટે સંસ્થાકીય પ્રતિબદ્ધતાને મજબૂત બનાવી પડશે.

આ માટે વિવિધ સરકારી-બિન સરકારી સંસ્થાઓ, ધંધાકિય અને બિનધંધાકિય એકમો અને શિક્ષણ સાથે સંકળાએલા લોકોમાં આંતરરાષ્ટ્રીયકરણ માટે ટકાઉ વિકાસ અને વૈશ્વિક નાગરિકત્વની પ્રથાની વિભાવના પોષવા માટે આપણા અભ્યાસક્રમોમાં એ પ્રમાણેના ફેરફાર લાવવા પડશે.

વૈશ્વિક નાગરિકતાને અસર કરતાં બે મુખ્ય ઘટકો - ૧) વૈશ્વિક જાગરૂકતા અને ૨) તેના માટે પ્રેરણા અને પ્રોત્સાહન માટે ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓએ પ્રયત્ન હાથ ધરી આંતરરાષ્ટ્રીય અભ્યાસક્રમો વિક્સાવવા જોઇશે. જાહેર જનતાના વધતા જતા શોખ અને રસને ધ્યાનમાં લઇ રોજગારીની મહત્તમ તકો ઊભી થાય તેવા વૈશ્વિક વ્યાવસાયિક અભ્યાસક્રમો દાખલ કરવા પડશે.

એશિયા પેસિફિક રાષ્ટ્રોમાં વિશ્વસ્તરે સર્વસામાન્ય અને સર્વસ્વીકૃત છે તેવી શિક્ષણપ્રથા અને સાથે-સાથે તેની મૂલ્યાંકનપ્રથાને વિક્સાવવી પડશે. અલગ-અલગ દેશો વચ્ચે આંતરસમજ ઊભી થાય તેવા દૃષ્ટિકોણથી અભ્યાસક્રમોમાં સંશોધનલક્ષી કે અભ્યાસલક્ષી પ્રોજેક્ટને તથા વૈશ્વિક નાગરિકતાના પ્રવચનોને ભારણ આપવું જોઇએ. આમ કરવાથી દેશ-દેશ વચ્ચે સુસંવાદિતા ઊભી થવાની સાથે એખલાસ અભિગમ પ્રસ્થાપિત થશે. એકબીજા પ્રત્યેના સાંસ્કૃત્તિક મતભેદોને ભૂલી તેઓમાં આધુનિક વૈશ્વિક નાગરિકતાનો ખ્યાલ ઊભો થશે.

## • સહભાગીતાનું શિક્ષણ

શિક્ષણ અને શિક્ષણના ચાવીરૂપ મુદ્દાઓને સ્વીકારીને શિક્ષણ એ આબોહવા પરિવર્તન, આપત્તિ જોખમ, જૈવવિવિધતા, ગરીબી અને નિરંતર વપરાશના ક્ષેત્રો સામેના પડકારોને પહોંચી વળવા માટેના સહભાગીતાવાળું શિક્ષણ હોવું જોઇએ. જેના થકી સામાજિક અને આર્થિક વિકાસ સાથે વૈશ્વિક નાગરિકતા સાથે શાંતિ સ્થાપી શકાય. આ માટે વિવિધ દેશોની પ્રતિનિધિત્વ ધરાવતી યુનિવર્સિટીઓ સાથે સંયોજન

સાધી અભ્યાસક્રમોને તૈયાર કરી તે ચલાવવા જોઇશે. આમ કરવાથી આંતરરાષ્ટ્રીય શિક્ષણની નવીન ક્ષિતિજો વિક્સાવી શકાય છે.

એશિયા પેસિફિક રાષ્ટ્રોએ આંતરરાષ્ટ્રીય નાગરિકતાને સમજવા અને જાળવી રાખવા માટે એક વ્યાપક વ્યૂહરચના અપનાવવી પડશે. શિક્ષણને ક્રિયાલક્ષી અનુભવો સાથે જોડવું પડશે જેથી વ્યક્તિનો પૃથક્કરણ અને સંશ્લેષણ પ્રત્વે ચિંતનાત્મક વિકાસ શક્ય બનશે. આ માટે સ્નાતક કક્ષાએ વાસ્તવિક અનુભવો સાથે સંકળાએલ ટૂંકાગાળાના ક્રમિક વિકાસલક્ષી અભ્યાસક્રમો અમલમાં મૂકવા પડશે. જેમાં પરંપરાગત શિક્ષણ પ્રણાલીથી પર આધુનિક ટેક્નોલોજી આધારિત શિક્ષણપ્રથાને અપનાવી વિવિધ દેશોની સંસ્કૃતિ સંદર્ભે અધ્યયન અને અને તુલના કરી શકે તે માટેના દ્વાર ખુલ્લા મુકવા પડશે.

એક દ્દષ્ટિએ જોવા જઇએ તો વૈશ્વિક નાગરિકતા એ ખૂબ જ ગહન કહી શકાય તેવું ચિંતન અને બહુવિધ દ્દષ્ટિકોણ ધરાવતી વિભાવના છે. જેમાં ત્રણ મુખ્ય ચાવીરૂપ વિધાયકો સ્વીકારવામાં આવ્યાં છે. જેવાં કે- સામાજિક જવાબદારી, વૈશ્વિક જાગૃતિ અને નાગરિક સગાઇ. ચોક્કસ અવલોકનોને આધારે ઉપર્યુક્ત પરિપ્રેક્ષ્યમાં વિચારીએ તો કોઇપણ વ્યક્તિ અર્થાત નાગરિક કોઇ બાબત સાથે ત્યારે જોડાય છે કે જે તે પસંદિત બાબતમાં તેને રસ હોય કે તેમાંથી તેને લાભ હોય અથવા જે તે બાબતથી તે સીધે-સીધો કે આડકતરી રીતે પ્રભાવિત હોય. આમ જોતાં એટલું ચોક્કસપણે કહી શકાય કે વ્યક્તિ ઉત્પાદનલક્ષીતા, પર્યાવરણ અને માનવીયતાના ધોરણે કોઇ સાથે સંબંધ બાંધે છે તો સંબંધ વિચ્છેદ પણ કરે છે.

## ● ઉપસંહાર

અંતતઃ એટલું જ કહી શકાય કે વિશ્વ કુટુંબકમ્‌ની વિભાવના અને માનવીયતાના હિતોના રક્ષણ અને સંવર્ધન માટે શિક્ષણ જ એક અસરકારક પરિબળ છે. વૈશ્વિક ટકાઉ વિકાસ અને શાંતિ સંદર્ભે અને હિતાર્થે શિક્ષણમાં નોંધપાત્ર પરિવર્તનો લાવવા જરૂરી બને છે. આપણી પરંપરાગત અધ્યયન અને અધ્યાપન શૈલીમાં ફેરફારો લાવી પ્રવર્તમાન શિક્ષણને વૈશ્વિક શાંતિ અને ટકાઉ વિકાસના સંદર્ભમાં વધુ ફળદાયી અને અસરકારક બનાવવું રહ્યુ. જ્યારે આપણી શિક્ષણ સંસ્થાઓમાં માણસને માણસ બનાવાશે ત્યારે આપોઆપ વિશ્વશાંતિ પ્રસ્થાપિત થશે એવી મને શ્રદ્ધા છે.

ચાલો વિશ્વમાનવ અને વિશ્વબંધુતામાં આપણે એક કદમ માંડી વિશ્વકુટુંબકમ્‌ની ભાવનાને ચરિતાર્થ કરીએ. આપણને વારસામાં મળેલ આ વિશ્વમાં ભાઇચારાની લાગણી પેદા કરી જીવવા જેવું બનાવી આવનાર પેઢી માટે ઊમદા ઉદાહરણ પુરું પાડવા પુરુષાર્થ કરવા કટીબદ્ધ બનીએ એજ અપેક્ષા...

**References**

1. World Commission on Environment and Development (WCED): Our common future. Oxford: Oxford University Press, 1987 p. 43.
2. For information and documentation on each landmark event, refer to UNESCO website.